જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૧/૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૩૩૫ લીટર, ૯૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૧ સ્કૂટર, ૨ મોટર સાયકલ અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૩,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૮/૧૮

**વાસણાઃ** રોનક ચંદ્રકાંતભાઇ પટેલ(રહે.શાંતારામ કોમ્પેલેક્ષ નીર્ણયનગર નવા વાડજ) એ તા.૯/૧/૧૮ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧/૧૮ રાતના ૯/00 થી તા.૮/૧/૧૮ કલાક ૫/૩0 વાગ્યા દરમ્યાન વાસણા ધરણીધર ચાર રસ્તા, વિશ્રામ કોમ્પેલેક્ષ, ચોથે માળે આવેલ "સાહેબ મિશન હોસ્પીટલ મલ્ટી સ્પેશ્યાલીટી ફીઝીયોથેરાપી સેન્ટર" ના શટરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, રીસેપ્શન એરીયામાં લગાવેલ એલ.ઇ.ડી. ટી.વી. કિમત રૂપિયા ૧૪,૦૦૦/-, જીમ એરીયામા લગાવેલ એલ.ઇ.ડી કિમત રૂપિયા ૧૬,૦૦૦/-, લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- તથા લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જે.વાળા ચલાવે છે.

## દાઝી જતાં મૃત્યુ:- સમાચાર યાદી નં.૬૯/૧૮

**એલીસબ્રીજઃ** ગણેશભાઇ ગીમાજી પ્રજાપતિ (ઉ.વ.૪૮) (રહે.નોવેલ્ટી ફ્રુટ સેન્ટર પાછળ પદમાવતી ફલેટની બાજુમા ગાંધીકુંજ સોસાયાટીની સામે ભુદરપુરા રોડ આંબાવાડી) તા.૮/૧/૧૮ કલાક ૫/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે તાપણી કરતા હતા ત્યારે ઝાળ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/00 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પર્વતસિંહ વેચાતભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** પુનમબ્હેન પ્રવિણભાઇ બાટુંગે (રહે.સિંગલચાલી છારાનગર કુબેરનગર સરદારનગર) તા.૯/૧/૧૮ કલાક ૧/૩0 વાગ્યાના સુમારે પોતાના ઘરે તાપણી કરતા હતા ત્યારે ઝાળ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રસિહ ચંદ્રકાંત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૦/૧૮**

**ચાંદખેડાઃ** દેવજાની અસીમકુમાર શાહ (ઉ.વ.૫૩) (રહે.સ્વાગત બંગ્લોઝ વિભાગ-૩ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ બીમારીથી કંટાળી તા.૯/૧/૧૮ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** વિનિત રતીલાલ સુથાર (ઉ.વ.૩૦) (રહે. ગણેશ સનસ્ક્ઝોટીકા ગેલેક્ષી-૮૮ ની બાજુમા નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૯/૧/૧૮ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

**રામોલઃ** રવિકુમાર દેશરાજ પાલ (ઉ.વ.૨૯) (રહે. ત્રિલોક પાર્ક પાર્ટ-સી નગરપાલીકા ૦૯ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૯/૧/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ રિલાયન્સ પેટ્રોલપંપની પાછળ સરદાર પટેલ રીંગ રોડ હોટલ ઓમ આર્કેડ ખાતે રૂમ નંબર ૪૦૨ માં સુતરની દોરી પંખાના હુકમાં બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. . આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.